-:: ફો. કે. નં.૫૨૯૬/૨૦૨૨ના કામે આંક ૧ હેઠળ હુકમ -:

(૧) આરોપી વિરૂધ્ધનો આ કેસ વંચાણે લેવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮, ૨૬૯, ૨૭૦ મુજબના ગુનાની એફ. આઈ. આર. નોંધવામાં આવેલી અને પોલીસે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮, ૨૬૯, ૨૭૦ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલું છે. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૧૯૫ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાઓમાં કોર્ટમાં લેખિત ફરીયાદ આપવામાં આવે નહીં ત્યાં સુધી અદાલત આ ગુનાનું સંજ્ઞાન લઈ શકે નહીં.

(૨) નામદાર સર્વોચ્ચ અદાલતે એ. આઈ. આર. ૧૯૬૨ એસ.સી., ૧૨૦૬ ઉપર પ્રસિધ્ધ થયેલ ''દોલતરામ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ''ના ચૂકાદામાં આવા ગુનાઓમાં જો આરોપી વિરૂધ્ધ લેખિત ફરીયાદ દાખલ કરવામાં આવેલી ના હોય તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૧૯૫નો બાદ નડતો હોવાનું ઠરાવેલ છે.

(૩) નામદાર વડી અદાલતે ૧૯૯૯ ક્રિ. લો. જ. ૧૨૪૪ ઉપર પ્રસિધ્ધ થયેલ ''રામજી ભીખા કોલી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત'' ના ચૂકાદામાં પણ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૧૯૫માં જણાવેલ ગુનાઓની લેખિત ફરીયાદ કરવી આવશ્યક હોવાનું ઠરાવેલ છે.

(૪) આમ, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૧૯૫ની જોગવાઈ જોવામાં

આવે તો, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાની લેખિત ફરીયાદ કોર્ટમાં કરવામાં આવે નહીં ત્યાં સુધી આ પ્રકારના ગુનાનું અદાલત સંજ્ઞાન લઈ શકે નહીં અને પોલીસ ચાર્જશીટના આધારે અદાલત ગુનાનું સંજ્ઞાન લઈ કાર્યવાહી કરી શકે નહી. હાલના કેસમાં પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે, પરંતુ કોઈ લેખિત ફરીયાદ કરવામાં આવેલી નથી, જેથી આરોપીઓ વિરૂધના ગુનાનું આ ચાર્જશીટના આધારે સંજ્ઞાન લઈ શકાય નહી.

(૫) વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૯, ૨૭૦ને વિભાજીત કરવાનો પ્રશ્ન છે, તે અંગે ચર્ચા કરીએ તો ***Govardhankumar Thakoredas Asrani V. State of Gujarat, Sp. Cri. Appli. No.2544/2015, D.13/04/2017*** ધ્યાને લઈએ તો તેમાં જણાવેલ છે તે મુજબ,

> *40.2) In the case of State of Karnataka vs. Hemareddy, AIR 1981 SC 1417, the Supreme Court held that in thecases where in the course of the same transaction, an offence, for which, no complaint by a court is necessary under section 195(1)(b) of the Cr.P.C., and an offence, for which, a complaint of a Court is necessary under that sub-section are committed,it is not possible to split up and hold that the prosecution of the accused for the offences not mentioned in section 195(1)(b), Cr.P.C., should be upheld.*

(૬) In *Merubhai Mandanbhai Chandera V. State of Gujarat The Hon'ble Gujarat High Court in Cr.M.A. No.17286/ 2017,* It is held in para-6 that, *"Mr. Dave, the learned counsel would submit that the chargesheet is also filed for the offence punishable under Section 504 of the I.P.C. Section 504 of the I.P.C. is not to be found in Section 195 of the Cr.P.C., and therefore, it would be within the powers of the Magistrate concerned to take cognizance of the offence punishable under Section 504 of the I.P.C. I am afraid it is not permissible for this Court to accept the settlement. This aspect has also been well considered by me in the decision referred to above. In the facts of this*

*case, it is not possible to separate the offence punishable under Section 186 with Section 504 of the I.P.C. Both the offences could be said to have been committed in the course of one transaction. If it is not permissible for this Court to split the offences, then the bar of Section 195 of Cr.P.C. would apply even those offences of the I.P.C. which are not falling within the ambit of Section 195 of the Cr.P.C."*

(૭) આમ, ઉપરોકત ચૂકાદાઓમાં કરેલ ચર્ચા ધ્યાને લઈએ તો, ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓ સામે પબ્લીક ઓફિસરના હુકમના ભંગ અન્વયેનો ગુનો છે, જે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ છે અને કોવીડ-૧૯ની ચેપી ગંભીર બીમારી ફેલાવવા સંદર્ભે લાપરવાહીભર્યુ કામ કરેલ હોય, જેથી વ્યકિતના જીવનને ખતરો હોવા અંગે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૯ મુજબ છે તેમજ ચેપીરોગ જીવલેણ રીતે ફેલાવવા અંગે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૦ મુજબ છે. આમ, જાહેર સેવકના હુકમના ભંગના પગલે આરોપીઓ ધ્વારા કૃત્ય કરવામાં આવેલ છે, તેનો અર્થ એ છે કે, આ કૃત્યો એકબીજાથી અલગ કરી શકાતા નથી, તેથી ગુનાઓ વિભાજીત થઈ શકતા નથી.

(૮) વધુમાં હાલમાં તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ *HLA SHWE VS. STATE OF MAHARASHTRA, Cr.Appln. No.453-2020, the Hon'ble High Court of Bombay Nagpur Bench [DB]* ના ચૂકાદામાં પણ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૯, ૨૭૦ અને ડી. એમ. એકટની કલમ ૫૧ અને એપીડેમીક ડીસીજ એકટની કલમ ૩, ફોરેન એકટની કલમ ૧૪નું આરોપીઓ સામેનું ચાર્જશીટ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૯૫ની જોગવાઈ પર આધાર રાખી રદ્દ કરેલ છે.

(૯) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ *K. Prabhakar Rao v/s. State of A. P., decided on 25/11/2014* by the Hon’ble Apex Court ના ચૂકાદાને ધ્યાનમાં રાખીને ફોજદારી કેસમા ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૮ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

હાલના કામનું પ્રોસીડીંગ ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૮ મુજબ આજરોજ બંધ કરવામાં આવે છે અને આરોપીઓને સદરહું કેસમાંથી છોડી મુકવાનો (મુકત કરવાનો) હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **: ૧૨ માહે: નવેમ્બર ૨૦૨૨** ના સહી કરી નેશનલ લોક અદાલત સાથેના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

**જૂનાગઢ**
તા.૧૨/૧૧/૨૦૨૨

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જુનાગઢ
**જીજે ૦૦૮૦૯**